જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૮/૪/૨૦૧૫ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધીધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૮૨/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૩૦૮ લીટર દેશી દારૂ, ૨૫૭ ઇગ્લીશ દારૂ, ૦૯ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૧૧ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૮૩/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

અપહરણ :- સમાચાર યાદી નં.૬૮૪/૧૫

સોલા હાઇકોર્ટ : સુમનબહેન ઉર્ફે પીંકી અશોકકુમાર જયસ્વાલ (ઉ.વ.૧૬)(રહે.ચાણક્યપુરી સેક્ટર-૫, ઘાટલોડીયા) ને તા.૧૪/૧૨/૧૪ સવારનાં ૯/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક રહેતો આરોપી જનકસિંહ ઉર્ફે કલ્લુ કોમલસિંહ કુશ્વાહ ઘર નજીકથી લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ સુમનબહેનનાં પિતા અશોકકુમાર જયસ્વાલે તા.૭/૪/૧૫ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જી.ડાભી ચલાવે છે.

ઘરફોડ :- સમાચાર યાદી નં.૬૮૫/૧૫

ચાંદખેડા : મનોજભાઇ ગૌરીશંકર બૈરાગી (રહે.પાવનધામ ફ્લેટ, ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૪/૧૫ નાં કલાક ૮/૩૦ થી ૮/૫૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૮૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.ચાવડા ચલાવે છે.

ચોરી :- સમાચાર યાદી નં.૬૮૬/૧૫

ઓઢવ : હરેશકુમાર વસંતલાલ પંચાલ (રહે.વૈશાલીપાર્ક સોસાયટી, સેન્ટ્રલજેલ રોડ, મહેસાણા) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૪/૧૫ રાતનાં ૮/૪૫ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન હરેશકુમારે રીંગ રોડ સર્કલ શબરી હોટલ સામે પાર્કિંગમાં પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી લેપટોપ નંગ-૨ અને રોકડ રૂપિયા ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૩,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પોસઈ.શ્રી આર.જી.ખાંટ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૬૮૭/૧૫</u>

નારણપુરાઃ નિર્મળાબહેન નવીનભાઇ વ્યાસ (ઉ.વ.૫૮) (રહે. સેકટર-૪ નિર્ણયનગર) તા.૭/૪/૧૫ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે નવાવાડજ નિર્ણયનગર વિમલનાથ બસ સ્ટેન્ડ નજીકની ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ નિર્મળા બહેનનના ગાળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નિર્મળાબહેન વ્યાસે નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.આર.ધમલ ચલાવે છે.

આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૬૮૮/૧૫

દાણીલીમડાઃ રંજનબહેન ઉર્ફે ગુડી જીવણભાઇ પરમાર (ઉ.વ.૧૪)(રહે.અનપુર્ણા સોસાયટી, એકતાનગરની પાસે, દાણીલીમડા) નવમાં ધોરણમાં અભ્યાસ કરતી હોઇ અને તેનાં પરીક્ષાનાં પેપર સારા નહીં જતાં મનમાં લાગી આવતાં તા.૭/૪/૧૫ બપોરનાં ૧/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે છતનાં હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એલ.પટણી ચલાવે છે.

બાપુનગરઃ રજીવ રમેશચંદ્ર શર્મા (ઉ.વ.૨૬) (રહે.જુની પટેલની સોસાયટી વિક્રમ મિલ પાછળ બાપુનગર) એ માનસિક બિમારીને કારણે તા.૭/૪/૧૫ કલાક ૫/૦૦ વાગ્યા પહેલાના સમયે પોતાના ઘરે છતનાં હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી એમ.કે..ખાંટ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)